શ્રી ગણેશાયનમઃ

ઈલાસુંદરી.

નાટકનાં ગાયનો

શ્રી "સુરત" સુંદર વિલાસ નાટક
કંપની માટે

રચનાર
॥ हरि ॐ ॥

છપાવી પ્રસિદ્ધ કરનાર
છોટાલાલ આત્મારામ પંડીત
તથા
કેશવલાલ કલ્યાણજી પંડીત.
ઠે૦ ભાગાતળાવ વિક્ટોરીયા થીએટર—સુરત.

जननीजन्मभूमीश्च स्वर्गादपिगरीयसि ।
तयो रुद्धर्णार्थाय, सद्यःप्राणानपरित्सजेत ॥

સંવત ૧૯૬૮. સને ૧૯૧૨.

કીંમત બે આના.

 આવૃત્તિ ૧ લી પ્રત ૨૦૦૦.

સુરત, ભાગાતળાવરોડ ઉપર આવેલા
ધી " રાંદેર " પ્રીન્ટીંગ પ્રેસમાં રતિલાલ દુર્લભદાસે છાપી.

મુખ્ય પાત્રોના નામ.

પુરૂષ પાત્ર.

હેમુ ... પૈસા અને સત્તાના લોભે વટલાઇ ગયેલો એક વણીક શુરવીર લડવૈયો અને તાતારના શાહ સિકંદરનો રાજનીતિ કુશળ મુખ્ય સેનાપતિ.

અનુપસિંહ—માબાપના પત્તા વિનાનો હેમુનો આશ્રીત એક યુવક શુરવીર લડવૈયો, કાન્તાનો સ્વામી અને રાજપુતોનો સેનાપતિ.

જયશ્રી ... રાણાના ભાયાત ચંદાવતનો કુમાર, લત્તાનો સ્વામી અને રાજપુતોનો સહકારી સેનાપતિ.

ઉદયસિંહ...મેવાડનો રાણો.

રામાનુજ ...ધર્મ સાધક સંન્યાસી.

બાંકેખાં ... હેમુની છાવણીનો જમાદાર (રશીકાનો આશક.)

બટાઉ ... છાવણીનો સીપાઇ (મહોબતનો મફતીયો મજુર)

સ્ત્રી પાત્રો.

કાન્તાકુમારી ...રાણાની મોટી પુત્રી.

લતાકુમારી ...રાણાની નાની કુંવરી.

ઈલાસુંદરી ...રાણાના સ્વર્ગસ્થ સચિવ માધવસિંહની સ્વદેશ પ્રેમી પુત્રી.

રસીકા ... કાન્તાની સખી.

આ શીવાય દાનેશખાં, હીજુ, પહેરેગીરો, સીપાઈઓ, રજપુતો. દીલારામ, વારાંગનાઓ, બાળાઓ, વિગેરે, વિગેરે.

સ્થળ.

મેવાડ અને તેની આજુબાજુનો પ્રદેશ.

સેંકડો વરસની જાણીતી દુકાન.

ખાવાનો પીવાનો સુંઘવાનો તથા હુકકામાં પીવાનો ગડાંકુ તંબાકુ અમારે ત્યાં વૈદિક નિયમથી સાફ થાય છે જેથી આ તમાકુ વાપનારાઓને છાતીનું કોઇ પણ દરદ લાગું પડતું નથી

પ્રખ્યાત વૈદ અને ડૅાકતરોનાં અનેક સર્ટીફીકટસ મળેલાં છે

બહારગામના ઓરડર ઉપર પુરતું ધ્યાન આપવામાં આવે છે.

મુળી તંબાકુંવાળા.

ઠાકોરદાસ ભુખણદાસ.

સોનીફળીયા, કારવાડ–સુરત.

શ્રી

ઈલાસુંદરી નાટકનો ટુંકસાર.

અંક ૧ લો.

સુત્રધાર–નટી–બાળાઓ--મંગળાચરણ અને વસ્તુ વિવેચન.

પ્રવેશ ૧ લો—તાતારના શાહ સિકંદરનો સેનાધિશ હેમુ કે જે કેટલાક સમયથી ચીતોડ ઉપર ઘેરો ઘાલી પડયો છે તેને સંન્યાસી રામાનુજ આવી રાજપુતો ઉપરથી ઘેરો ઉઠાવવાને સમજાવે છે. મદોન્મત હેમુ તેને તુચ્છકારી કહાડે છે.

પ્રવેશ ૨ જો—રાજકુમારી કાન્તાને નામાનુસાર ગુણધારી રસીકાએ બનાવવી. ઈલાને હેમુએ ઉઠાવી જવી.

પ્રવેશ ૩ જો—અનુપસિંહને કર્તવ્ય બોધ આપી રાજપુતોના પક્ષમાં જવાને રામાનુજે ઉસ્કેરવો, અનુપે હેમુ પાસેથી હંમેશને માટે રજા માંગતાં હેમુએ તેને કેદ કરવા હુકમ કરવો, વીર ચુડામણી અનુપનું સર્વની વચમાંથી સલામત નીકળી જવું.

પ્રવેશ ૪ થો—કાન્તા-અનુપના સંસ્કારી પ્રેમનો ઉદય. કાન્તાની વાણીથી વિવાહીત પતિ જયશ્રીનું આવવું, ઉભયને પ્રેમલુબ્ધ જોઇ ક્રોધીત થવું. જયશ્રીની મૈત્રી માટે અનુપની યાચના, સ્વદેશ માટે આત્મસુખની આહુતી આપી આશાભંગ જયશ્રીએ તેને મિત્ર તરીકે સ્વીકારવો.

પ્રવેશ ૫ મો—ઈલા પ્રત્યે હેમુની પ્રેમ યાચના, વીરદુહીતા ઈલાની અડગતા અને સ્વામી રામાનુજનો સ્વદેશ સેવા માટે સાપની સોડ સહેવા તેને બોધ.

પ્રવેશ ૬ ઠો—છાવણીમાં વેશ બદલી રસીકાનું આવવું અને બાંકેખાં બટાઉને ફસાવી ચાલ્યા જવું.

પ્રવેશ ૭ મો—અનુપસિંહ કાન્તાની પ્રેમ ધુનમાં, જયશ્રીનું આવવું, મિત્રોનો દૈવી પ્રેમ.

પ્રવેશ ૮ મો—કાન્તા અને અનુપ. દીવાનાં પ્રેમીઓની ગાંડી ઘેલી પ્રેમ રમત. લગ્ન.

પ્રવેશ ૯ મો—રાજપુતો ઉપર દયા રાખવા હેમુને ઇલાની વિનવણી. હેમુનો અસ્વીકાર, લાગ મળતાં દાવ ઉપર સોગઠી મારવા ઇલાનો મક્કમ નિશ્ચય.

પ્રવેશ ૧૦ મો—બટાઉ, બાંકેખાં અને રસીકા. પ્યારની પરીક્ષા, છુપી બાતમી મેળવી લઈ બંનેને બનાવી રસીકાએ જવું.

પ્રવેશ ૧૧ મો—ગર્ભવતી કાન્તાનો સખીઓ સાથે વાણી વિનોદ, અનુપનું આવવું અને યુદ્ધની વિદાય લઇ જવું.

પ્રવેશ ૧૨ મો—કરાલા દેવીના મંદીરમાં કુળ રીવાજ પ્રમાણે આવેલા રાજપુતોને બાળાઓનો આશીર્વાદ. હેમુનો છાપો, અનુપને ઉઠાવી લઇ જવો, લડાઇ. ટેબ્લો.

અંક ૨ જો.

પ્રવેશ ૧ લો—બટાઉને અધર નાચની તાલીમ. શીક્ષકના માર અને ત્રાસથી બટાઉએ હંમેશ માટે ઈશ્કની શાળા છોડી જવું. અને રસીકાએ બાંકેખાંને છેવટનો બનાવવા દીલારામ નામની હીજુ હોડીવાળાની છોકરી સાથે ચોકઠું ગોઠવવું.

પ્રવેશ ૨ જો— લતાની જયશ્રી પ્રત્યે પ્રેમ યાચના, કાન્તાના પ્રેમથી નીરાશ થએલા જયશ્રીની સ્ત્રી જાતી પ્રત્યે ધીકાર યુકત ભાવના, લતાની નાશીપાસી, કાન્તાનું સમયાનુસાર સુચન, લતનો દ્દઢ નિશ્ચય.

પ્રવેશ ૩ જો—હેમુના હાથે અનુપ મરાયાની લોક વાયકાથી સતી થતી કાન્તાને જયશ્રીએ અટકાવવી. ભ્રમીત કાન્તાએ જયશ્રીને ધીકકાર આપતાં જયશ્રીએ સાહસીક થઈ આત્મઘાત કરવા તૈયાર થવું, પુરૂષ વેષે લતાએ આવી તેને અટકાવો અને સમજાવીને અનુપસિંહને છોડાવવા લઈ જવો.

પ્રવેશ ૪ થો—પકડાએલા અનુપને બચાવવા ઈલાની આજીજી બદલામાં હેમુની રતી ભોગની માંગણી, છંછેડાએલી નાગણ ઇલા.

પ્રવેશ ૫ મો—હેમુનો દરબાર, કેદી અનુપને હેમુની સમજાવટ, સ્વદેશ સેવામાં મૃત્યુને કલ્યાણરૂપ માનતો અનુપ ભય અને લાલચની સામે. વીરબાળા ઈલાનો અનુપને બચાવાનો પ્રયત્ન; નિરાશા, નામનો ન્યાય અને જંગલી પણે અનુપને મારી નાંખવા હેમુનો હુકમ.

પ્રવેશ ૬ ઠો—બાંકેખાંના ખાનગી ડેરાએ રસીકાની અધુરી રમતની પુર્ણાહુતી.

પ્રવેશ ૭ મો—જયશ્રીએ પહેરેગીરને વિનવી જેલમાં દાખલ થવું અને પોતાનો વેશ પહેરાવી અનુપસિંહને નશાડવો, સુતેલા હેમુને મારવા ઇલાએ જયશ્રીને ઉશ્કેરવો, અધર્મને અટકાવવા યુક્તિથી ઇલાને વિદાય કરી જયશ્રીએ હેમુને જગાડવો, ઇલાનું પુનઃ ત્યાં આવવું, હેમુને જીવતો જોઇ ઝનુની બની જયશ્રીને ધીક્કાર આપી પાછુ તંબુમાં જવું.

પ્રવેશ ૮ મો—અનુપના અવાજથી વીરહ ઘેલી કાન્તાએ બાળકને ભુલી જવું. છુપો રસ્તો શોધવા નીકળેલ હેમુના સીપાઇઓએ તેને ઉપાડી લઇ જવું. જયશ્રીની વફાદારી માટે અનુપે કાન્તાને ખાત્રી આપતાં કાન્તાનો પશ્ચાતાપ અને ઉન્માદીની દશા.

પ્રવેશ ૯ મો—હેમુ પાસેથી ચીતોડ જતાં જયશ્રીને જાસુસ ધારી સીપાઈઓએ પાછો છાવણી તરફ પકડી લાવવો, હેમુએ તેને છોડાવવો, અનુપના બાળકને લઇને સીપાઈઓનું ત્યાં આવવું, જયશ્રીએ બાળકને પીછાણી હેમુ પાસેથી તેને માગવું, હેમુએ ઘાત કરવા તૈયાર થવું, અને જયશ્રીએ સીપાઇના હાથમાંથી બાળકને ઝડપી લઇ લડતાં લડતાં પસાર થઇ જવું.

પ્રવેશ ૧૦ મો—બાળક લઇ દોડતાં જયશ્રી પાછળ સીપાઈઓનું આવી પહોંચવું, લતાએ જયશ્રીને બાળક સાથે

વિદાય કરવો, અને પોતે પુલનું નાકું ઘેરી સીપાઈઓ ને અટકાવી ઉભાં રહેવું. વીજળીના એક મોટા કડાકાથી પુલનું વચમાંથી ભાંગવું અને લતાનું સલામત બચી જવું.

અંક ૩ જો.

પ્રવેશ ૧ લો—ઉન્માદિની કાન્તાનો જયશ્રી માટે અફસોસ. ઘાયલ જયશ્રીનું આવવું અને બાળક કાન્તાને સોંપી બેભાન થઇ પડવું. હેમુની ચઢાઇના સમાચાર આવવા અને અનુપે સામે જવા તૈયાર થવું.

પ્રવેશ ૨ જો—ઇલાને ગરદન મારવા હેમુએ દાનેશખાંને હુકમ કરી જવું બાદ સ્વામી રામનુંજનું ત્યાં એકાએક નીકળી આવવું, યોગનો ચમત્કાર, દાનેશખાંની ધર્મ ભાવનાનો ઉદય, ઇલાનો બચાવ.

પ્રવેશ ૩ જો—ઘાયલ જયશ્રીના શયન ભુવનમાં પ્રેમ પીડીત લતાની પુનઃ પ્રેમ યાચના, જયશ્રીની અચળતા અને અનાદર. લતાએ હાથ પકડાવી પોતાની સાથે પરણવાનું યુકિતથી જયશ્રી પાસે વચન લેવું.

પ્રવેશ ૪ થો—મનોરથમાં મહાલતો મહોબતનો મજુર બાંકેખા દીલારામની ધુનમાં. શાદીના સરઘસનું આવવું, ત્રૈલોકય માહિની દીલારામના દર્શનથી બાંકેખાંનો પશ્ચાતાપ અને બધાની બનાવટ.

પ્રવેશ ૫ મો—જયશ્રી અને પુરૂષ વેશમાં લલીતકુમારના નામે લતા. સ્વપ્નની વિચિત્ર અને ભેદભરી વાત, યુકિત થી હાથ પકડાવી લતાનું જાહેર થવું. પ્રિતમ પ્રિયાનો પરમાનંદ.

પ્રવેશ ૬ ઠો—લડાઇ. અનુપ હેમુનું દ્વંદ્વ યુદ્ધ, ઇલાના પ્રતાપથી અનુપનો વિજય. [સીનનો તલેશમાત દરબાર નો દેખાવ] હેમુને ક્ષમા, ઇલાનો સંસાર ત્યાગ, લાયકને લાયક ઇનામ, જયશ્રી લતાનો હસ્ત મેળાપ અને છેવટનો આનંદ.

શ્રી પરમાત્મને નમઃ

ઈલાસુંદરી નાટકનાં ગાયનો.

(મંગલાચરણ.)

સુત્રધાર-નટી-બાળાઓ--

નાથ અનાથન તું, પ્રભુ, ભક્ત વત્સલા પ્રાણ, શીશુ શીર ઝુકીઆ શરણે તારા, ચરણે તારા, દીન દયાળા, નોધાર, આધાર, તું દયાળ, રાખે બાંહ્ય ગ્રહ્યાની લાજ, પ્યારા પીતુ પાલનકારા— નાથ. રસદાયક રસરાજ કર રચના. કીરતાર કૃપાળ શરણાંગતની લાજ રાખજે, યાચીએ, સ્તવીને વિનવી;
મતિ વિણ કૃતિધારી, આશા એક હરી તારી ધારી;
કર નાટચની આ.......... ....નાથ.

બાળાઓ—

ભરતભૂમિના વીર બાળકનું હૃદય ધબકજોરે, હાંરે હાં હૃદય.
સ્વદેશ ભકિતનું શુભ શોણીત રગ રગ વહેજોરે
સુવર્ણ ભૂમિ ભારત આ પહેલાં હરનીશ કહેવાતી,
શ્મસાન સમાન કરી મુકી લુંટીને ભીખારી.
દેશ અંદી કંઇ ભુખે મરતાં લાખો નરનારી,
મ્લેચ્છ સત્તાની એ બલીહારી જોઇ લેજો માની.
જોર આપણું રોવામાં રડી દો ગગન ગજવી,
ન્યાય આપશે ન્યાયી સત્તા સુણીને આ ધ્વની.

હેમુ— ૧

હું વીર મસ્તાનો છું જગનો મહા યોદ્ધો મહા સ્યાણો
હું સીધો સાદો છું જેવો તેવો છું નટખટ પોકેલો
મહાજંગી છું, મહારંગી છું, વાહવાહ સીકંદર સંગી છું,
જે ચાહુ મનમાં, લઉ પળમાં લઉ તે કરમાં હાં, હાં, હાં.
છળ બળ કળ બળ લટપટ ખટપટે જોડી મારી જગમાંન
વાહ, વાહ, વાહ,—હું વીર

સખીઓ— ૨

હોજી શાણી શાને તું શરમાયે.
જોબન તે આમ શું છુપાય કે ?
લટકથી, મટકથી ચટકથી ચાલો;
છબીલી જરા છટાથી.

કાન્તા કુમારી— હું ના સમજુ બાળી ભોળી જાઓ છોડી લટકાં
લટકાં હાં, મટકાં, ચટકાં, નખરા કરતા જાઓ,

સખીઓ—રંગીલી, રસીલી, છબીલી જો આ,
વાડી ફાલી જોબનીઆની,

કાન્તા—લટપટ કરતી, ઝટપટ જાને છલબલ છોડી.

સખીઓ—વાહ વાહ વાહ—હોજી.

કાન્તા-સખીઓ-- ૩

સખી મારો સાહ્યબો ચડે રણુ ઘોડલે વીરહાક વાગેરે લોલ,
ધ્રુજે ધરણીને ડોલે દશ દીશારે લોલ
ઘેરા ઘેરા શંખનાદ થાયને વાગે ઘમર ઘુઘરીરે લોલ,
બોલે દુંદભીને ગાજે ડંકારે લોલ.
ચ્હડું સાથ મારા નાથ શસ્ત્ર સજી ઘોડલેરે લોલ.
મારે રણુલીલા જોવાના કોડ હૈયેજી સાથેરે લોલ.
ભીષણ રણે વિજન વને આવું હુ તમ સાથ
યાહોમ કરી નિશ્ચલ મને ઝુઝીશ મારા નાથ
આવતાં ઝાલીશ તીક્ષ્ણ તીરને ઢાલે ઘાવ પાછા વાળું'રે લોલ,
ફુટે ઢાલતો ઝીલીસ ઉરમાં દુશ્મન દાવનેરે લોલ,
સાહું સમશેર આજથી, કોમળ કર કંકણુ સ્થળે.
ઘુમી રણુ ચમકાવું જેમ, વીજળી ઘનઘોરે રમે.
ઝુલે ઝુલે મારા નાથની શમશેર તેમાં દેવી ભવાની હું આગે
કુમળીછું'તોયે હું વીરબાળા,મારા કંકણોમાં પ્રલયગીત ગાજેરે-પ્ર.

રામાનુજ-- ૪

શું તેજ ભરતભુમી આએ
બ્રહ્મરસે ભીના રષી વરની વેદ ભુમી તે આએ—શું તેજ
વશિષ્ટ વિશ્વામિત્ર વાલ્મિકિ વેદ વ્યાસ વળી પરાશરાદિ
શુદ્ધ સનાતન બ્રહ્મ તેજથી ઝળહળે જ્યોત સદાયે
તે દીવ્ય ભુમિ તે આએ તે પુણ્ય ભુમિ તે આએ—શું તેજ

ભીષ્મ ભીમ અર્જુન કર્ણાદિ પ્રતાપી પૃથુને સમરસીંહજી.
નામે અમર ઊછળે છે ઉર જયાં આર્ય તણાં ઉત્સાહે,
તે વીર ભુમી તે આએ, અમ આર્ય માત તે આએ–શું તેજ

છલાસુંદરી— ૫

દયા દીનની દીન બંધુ લાવી
ગ્રહો બાંહ્ય બુડતીના બેલી એ પ્રભુજી
કોઇ ન સગુ સ્નેહી કોઇ ન બંધુ મ્હેની
મારે સૌ તુહી– દયાદીનની.
ધરી શીર ખોળે છું બેઠીરે
બા'નાની પત રાખજે પ્રભુજી
છો નોધાર આધાર, દીનાનાથ દયાળ
બચાવો દીન બાળ– દયા દીનની.

રામાનુજ— ૬

ડરવું શું ન્હેલું મોડું જો એક વેળ છે મરવું લખ્યું
તો માત સેવા કરી મરી કાં સ્વર્ગ માંહીના જવું
કદી શબ્દથી કદી કર્મથી સુખના દીધું દુઃખના કર્યું
જન્મયું જીવ્યું કે ભોગવ્યું તે જાણુ સહુ ધુળમાં ગયું.
હોય જે હરામી નફ્ફટ ને નકટા
મોટા થઈ ભુલે માડી સેવનાહાં
જોને દુકાળણુ જેવા દેદારે, આંસુડાં ઢાળે
આવે દયા ન કાં– હોયજે—

રસીકા— ૭

નજરીયાં યારને ખુબ મીલાઇ
બીન ગુન્હે બીન મોતે જલાઇ—નજરીયાં
અમરીત ઘુંટા જાન લે કહેકે
પીલાઇ ઝેરકી પીયાલી—નજરીયાં
દીલારામ જો નહીં મીલા, દીલકો કયા આરામ
જીનેસે મરના ભલા જીસ્સે હો બીશ્રામ
કીસે કહું મેરે કરમકી કહાનીરે
મીલે ન કોઈ સેહલાની—નજરીયાં

રસીકા— ૮

અજી ચલીયેજી ચલીએ ગુમાની છેલા જરા આસ્તે
કદમકો ઉઠાઇએ
આસ્તે કદમકો ઉઠાઇયે, અજી જરા આસ્તે કદમકો ઉઠાઇયે. અજી.

વારી વારી જાઉં તોપે લ્હેરી આ લાલા નેનાં કટારીસે ઘાયલ
બાંકેખાં—તેરે નખરેપે જી નીસાર જરાતો જાની ગલે લગા
રસીકા—જાયગી ઈજ્જત મોરી સૈયાં બૈયાં છોડો કોઇ દેખેગા
ભટાઉ—રાજી મીયાં બીબી તો કાજી દેખેગા તો કયા હોગા
રસીકા—વાહ વાહ અક્કલ તુમારી
બાંકેખાં—તોરી સુરતપે દુનિઆ સારી
કરદું કુરબાન માશુક મેરી મતવાલી—અજી

અનુપ— ૯

આતુર મન ઉમંગ આવે
આવે..............................મૃગ નયની
મધુર મોહની રસીક હૃદયની—આતુર
અહો થયું જીવીત ધન્ય જાણું
તન મન લેતાં જો પ્રીય આવે—આતુર

અનુપસિંહ— ૧૦

ધન્યરે મિત્રતા ભાઈ તારી—ધન્યરે
આત્મભોગનું ઉજવલ દ્દષ્ટાંત
જગની સન્મુખ ધરીયું પુરૂં—ધન્યરે
જયશ્રી—દેશ યજ્ઞમાં જીવનની દીક્ષા
લઇને બેઠો તો કોણુ કાન્તા—ધન્યરે

કાન્તા— ૧૧

કાલો થઈ વ્હાલે મુને રે ભરમાવી
વશીયો હૈયામા રસીયો શ્યામરે
સૈયર એ વીણુ જરી નીંદ ન આવેરે—કાલો
નયન મીંચું તો ભાસે મન મહીં મોહન
નયન ખોલું ા ઠામે ઠામરે—સૈયર એ
દેખું દર્પણ તો પોતે હું બનું પ્રિતમ
સુઉં તો સલુણો સોડે ભરાયરે—સૈયર એ

કાન્તા— ૧૨

શું ભોળી જાણીને ભરમાવો ભોગીલા ભ્રમરજી
આછે કેતકીનાર કોરે કાંટાની હાર હેજો પ્રોછીને પ્યાર

સ્વીકારી નથી સાર આછે ન્યારા પ્રિતી કયારા મોંઘા મારા
છળ દઇને છેતરનારા સ્વછંદે વીચરનારા વ્હાલા
મુકો વરજી.......................................શું

અનુપ—ઘ્યાણી ઉમંગ અતી અભંગ શોધી પ્રસંગ પોયણી
સંગ માણીશું રંગ હા લઇ ઉછરંગ હા દઈ ઉછરંગ
ચંપક કળીએ કુમળીએ હા ગોરી ગુંજીશું ગરજી
હાં કળીએ કુમળીએ ગોરી ગુંન્જીશું ગરજી....શું ભોળી

કાન્તા— ૧૩

જાઓ જાઓ મતલબના ગરજીલા
ઓ મીઠા મોહનજી તમ સાથે નહિં બોલુ હું.
દુર રેજો, ના અડશો, નહીંતો શુણશો કાંઇ મોંની મીઠી ગાળજો-જાવે

અનુપ—માનો માનો માનોજી માનો
સલુણી સોગન મારા છે માનો
હાથ જોડું કહો, પાય પડું કહો
માનોતો પદરજ શીર ધરૂં હો—માનો

બાળાઓ— ૧૪

મંગળ દીન ધન્ય આજનોરે
સજની સાજન મલ્યાં સાધી અભેદ—મંગળ
પતિ મન દેવીને દેવી દીલ પ્રભુ
દંપતિ ધર્મનો સાર
સંસાર સે'જે સ્વર્ગ બને જો,
ધર્મ આ સહાય સધાય.

રસીકા— ૧૫

સાવરીયા તોરી લગનમે (૨)
લોક મુવે બદનામ કરતહે
કહે તેરા લુંટારે હાં જોબન તેરા લુંટારે-સાવરીયા
બાટે ઘાટે મોહે રોજ સતાતે
કહે તેરા લુંટારે-જોબન તેરા લુટારે-સાવરીયા
જીયા હમારા જાયગા બિરહસે તોરી કસમ
ફીર કીશ જીકી ખાયગા બાલમ તુંમ જુઠી કસમ
ચશ્મો કૈયાજસે કુચ્છ હમકો ઇશારા હોવે
નામ હો આપકા ઔર કામ હમારા હોવે-સાંવરીયા

સખીઓ— ૧૬

સખી લાવો વધાઇ મળી મોહન મીઠાઈ બે જીવ થયાં

કાન્તા-ચુપ કલંક ન ખોટું ઘરમાં

સખીઓ-સમજોને મનમાં......................(૨)

પગ ભારે, તું ચાલે તે જોને, કરઢાંકે ના છુપે આ પેટ-સખીલાવો

કાન્તા— ૧૭

રણુ ઘેલડા રણે સંચરોરે અધીરી ઘોડલી થનગને

હાંસી કરી સખી મેણાં ન મારે શત્રુથી સામા રહીલડજોરે-અધીરી

હું ઘેર રહીને ગુંથીશ બખ્તર સાંકળી શાણા ન ડરજોરે-અધીરી

ઝુઝજો રણે શીરતાજ, તજી મુજ યાદ, રસીલા રાજ,

અનુપ—સુંદરી સફળ અવતાર, કરવા કાજ, અવસર આજ

કાન્તા—પધારો ભલે ભરથાર, જુવે રણ વાટ વગાડો હાક.

અનુપ—રમણી હૃદય આધાર, મળીશું જો, લખેલું ભાગ્ય.

રામ

કાન્તા—રામ

અનુપ—છે રામ રામ.

સર્વ ૧૮

જય જય દેવિ ઇશ્વરી શીશ ખોળે તુજ માત,

ઊગારજે કે મારજે અમો તો નીમીત માત્ર.

બાળાઓ-વિજય વિજય વરતાવી વ્હાલા વીર' વ્હેલા આવજો

શીશ કપાતાં ધડ લડયાં એ જાતી તમ ઉર લાવજો.

રાજપુતો-પરાપુવથી ભારત ભુમી લીલી રાજપુત લોહીથી

અનુપ—વિદેશી હાથે જાતાં ચુસી કા'ડે ધાગા મુળથી

એ રાખજો ચિત સાથ,

રાજપુતો-ના ભુલે ક્ષત્રી જાત,

બાળાઓ-ફતેહ કરો ભલી ભાત,

રંક બોલી જુગદીશ સાહયે જુલમીતો જખ મારશેજો-વિજય

અનુપ—કુળદીપક સદભાગી કો દેશ દીપક દેવાંશ,

જગદીપક જગદીશનો, કોઇ અલભ્યજ અંશ-વિજય

ડ્રોપ.

અંક બીજો

રસીકા સખીઓ— ૧૯

આવો મસ્તાનાં દેશ દીવાનાં માના આંગણે આજ,
કરી ઘોર ગર્જના વિજય વિજય માનો ગજાવીએ (૨)-આવો
માતા સુખે કે ગરીબ દુર્બળ હોયજો કદી આપણી,
પરમાત સુંદર ધનવતી જોઈ હાંકી ન મુકાએ કદી;
ભાગી તુટી ઝુંપડી મહીં માની મીઠી લુખી રોટલી
પર મહેલનાં મેવાં મીઠાઈ ના ભુખ ભાગે રોજની- કરીઘોર

૨૦

રસીકા—ચલો મીયાં લટક મટક હાં ચટકસેં પાંઉ ઉઠાવો
મીયા તુપ અધર ચલો જમીપે પાઉં નધરો
પાઉં ઉઠાવો લંબે ચોડે હાથ સીનપે ધરો
દુસરા હાથ રખોજી શીરપે કમર ટેડી તુમ કરો-ચલો
બટાઉ—ઐસા નાચ સીખાને વાલી અમ્મા મેરી મરો
બાંકેખાં-ચખો ઇશ્કકી મઝા મીયાં તુમ બટાઉજી મતડરો-ચલો

રસીકા— ૨૧

તોપે જીયરા હે કુરબાન રે તું મત ડર પ્યારે
રહેને વાલીમેં દેશ દિવાના
હમારા કાયદા ઈલાઈદા- તું મત ડર
બરછીકી મારી મેં ન મરૂંગી
કુલોકી મારી મર જાઉંગી- તું મત ડર

લતા— ૨૨

ઝુલે મારા જોબનનો બાગ બલીહાર.
આવ મારા બુલ બુલ લાલ લટકાળા આવ— ઝુલે
ખીલી કળી જો કુલી ફાલી છે પાંખડી,
લચકાઈ કમરજો નાચે આંખડીને છાતડી
પલ જાયે, પાછી થાયે, પસ્તાવો, પ્રિય પ્યારે.—ઝુલે

લતા— ૨૩

નાથ નગીનારે ના છેક નમેરા થઈએ

શ્યામ સલુણારે જીવ સાટે વ્હાતું વ્હાઇએ- નાથ
જયશ્રી-છલકે નાળાં સેહજમાંરે, સાગર ના ઉભરાય કદી રે
લતા—ચંદ્ર ઊછાળે નાથ પલકમાં [૨]
પ્રેમ પ્રભુનેરે જીતી વશ કરતો જગ જાણે—નાથ
જયશ્રી-સમજે શાણાં શાનમાંરે, હઠ મુકીરેહ માનમાંરે
લતા—શીર સાટે છે સ્નેહ સલુણા [૨]
જાય જુવાનીરે ફળી આ કોમળ ભેટો ભાવે—નાથ

લતા— ૨૪

દીલ લગાવી કયાં જશો એ દીલભર હાં જશો કયાં દીલબર
હાં હાં જશો કયાં દીલબર—દીલ
જયશ્રી-તું થઈ દીવાની પ્રેમની, હઠ કરતી ઘેલી શીદની
લતા—તરશી ચાતકડી સ્વાતિની, એ દીલબર —હાં જસો કયાં
જયશ્રી-તજી લાજ બાળ આ શું કરેછે શરમ શરમ દુરથા અરે
લતા—સાગર તજી જાયે કયાં નદી એ દીલદાર —હાં જશો કયાં

નેપથ્યમાં કાન્તા-પ્રેમ અમૃત સરસ રસ પણ ભય વડે વિષ થાય છે
જો પ્રેમ સાચો પ્રેમીનો તો જીવ જતાંએ વ્હાય છે

કાન્તા ૨૫

મારો મોહન કોઈ મીલાવોરે [૨]
જીવ જોઇએ તો લે, દ્રવ્ય ગમે તો લે
મોંએ માંગેલુ લે, પણ વાલમ દે— મારો
એ પંખી તરૂ પત્ર સૌ, વિચારો વાલમ જયાં વસે
સમજાવો કંઈ સાનમાં, દાસી તમારી રડે.
જરા કહેતાં આવે, નામ સુણતાં આવે,
દોડી દોડી આવે, ઉડી ઉડી આવે.

નેપથ્યમાં-લતા—પામર જન પાપણુ પાતકને ગ્રહે છે
સંસાર સીધુ તરૂ વ્યર્થ ચિન્તે ચહે છે

સખીઓ— ૨૬

આલી મળશે પતિ ધીર ઊર ધારીએ
આધાર ઇશનો રાખીએ— આલી
વાલમ વીલાસી આવશે વ્હાલી હાં આવશે વ્હાલી
પુરશે કોડ એ ભેટીરે— આલી

પધારે પીયુજી હાં ત્યારે રીસાઇ હાં ત્યારે રીસાઇ
એન બદલો એવારીએ — આલી

લતા-- ૨૭

ચાલો જઇને અંકટ સહીને દુશ્મન દમીને
જયશ્રી-આહા વીર હાક વગાડીએ.
લતા—ફળબળ પવનથી યવન તણું
જયશ્રી-એ વાદળુ વીખેરીએ.
લતા—શીર સાટે કાજ કરી આજ તો
જયશ્રી-વીર ટેક ગજાવીએ
લતા—વીર બાળ અનુપને છોડાવીએ
જયશ્રી-વિજય વિજય વરતાવીએ— ચાલો.

બાંકેખાં-- ૨૮

દીલદાર મીલી મુરાદ ફળી ગબરૂ ગોરી બસ બેડા પાર
અબ સાદી રચુંગા બ્યાહ કરૂંગા મઝાહ કરૂંગા
જોબન લુટુંગા ઘોડે ચડુંગા નૈ શાહ બનુંગા વાહવાજી વાહવાહ
લઉંગા ચુંબી સરમીંદી હોગી ઉઇ ઉઇ કરેગી મઝા હય મઝા
ગાડી જોડાવું સાથ બીઠાવું ઔર કહેલાવું
અય મારવાડી એક બાજુ (૨) બડે જાવ મહેરબાન.

અનુપ-- ૨૯

ચાકે ચઢી પડનાર દશાથીરે નરનાર
છેના કોઇ બચ્યું બચનાર
સદા નહિ નભનાર દશા જે ચાહે તે કરનાર,
દિઠી આજતે નહીં કાલ................દશાથીરે
ભ્રમર વિચારે કમળમાં, પ્રાતઃ સમે સુખથાય,
કમળવૃંદ વિધિ લેખથી, હીમ પડી જલી જાય-છેતાં
મે'માન રહી ઘડીચારનો, શશી અસ્તાચલ જાય
આ રવિ પાદ કુસુંબી શું? ઉગતાં અહીં જણાય-છેના

કાન્તા-- ૩૦

ઓ પીયુ આવો આવી બચાવો નશાણા સતાવો રે,
આવોજી આવો ના તરસાવો બળતી બચાવોરે-ઓ પીયુ,

આ તન કુંડ રચી મહી ઇંધન અસ્થિ તણાં પતિ ધ્યાન ધરૂંછુ
મધ્યધરી વિરહાનળ આપળ અશ્રુતણી ઘૃત ધાર કરૂંછુ,
હું સુખ આહુતિ આપી હુતાશન ધીરજ શ્રીફળ ધારી રહીછુ
રે પ્રિય રે પ્રિય રે પ્રિય રે પ્રિય મંત્ર નીરંતર જાપ જપુંછું
હાં અરે હાં અરે હાં......................ઓ પીયુ,

ડ્રોપ.

અંક ૩ જો.

અનુપ--   ૩૧

જગમાં મિત્ર ખરે અમુલખ છે.
ત્રીવિધ તાપ ટાળે સહાય—   મિત્ર
માત તાત કે પાસ પ્રિયાની વાત ન થાય જે જરી જરી
મિત્રને તે કહેવાયે સહી
વાત વિશામો હૃદય કરાર
સુખ દુઃખ વાત, કોને કહેવાય, મિત્ર વિનાય, મરવું
મુંઝાઈ, હૃદયભાર હલકો થાય—   જગમાં

ઇલા૦-   ૩૨

પ્રભુ તુહી તુહી મન રટને
જગ ખટપટ તજી હરપળ ભજ
નાથ નીરંજનને—   પ્રભુ તુહી
પંખી મેળો ઝાડે મળીઓ
મોહ ન મન ધરને
જ્ઞાન ધ્યાનને સતસંગેથી
પ્રભુ સમજ કરને--   પ્રભુ તુહી

ઇલા—   ૩૩

છોડ મમતા મન ભમરા છે ના સાર જગમાં
સાર જગમાં ના મનવા સાર જગમાં—   છોડ

વિશ્વ વિકટ વન વગડે પામર પંથી મન મુંઝાયે
મૃત્યુ વિશ્રાંતિની વાટ જગમાં- છોડ
જીવન પુષ્પની જગ બાગે પ્રફુલ્લતા ક્ષણમાં કરમાયે
જનમ્યું તે સહુ છે જાનાર જગમાં- છોડ

લતા-- ૩૪

પીયુ જાગી જુઓ વીતી ગઈ મધ્ય રાત
વીજ ઝબુકે મોરલો ટહુકે
વરસે વળી વરસાદ- પીયુ જાગી
ચો દીશ અંધકાર વીતે ન કાળ રાત
બ્હીતી બાથ ભરીને બચાવો
નાથ સુવાડી સાથ- પીયુ જાગી

લતા-- ૩૫

આપ્યું વચન તે નીભાવજોરે નાથજી મોહન મનાવું
કરને ગ્રહાવું ભુલી જાશોરે ડહાપણ હો રાજવી-આપ્યુ
જયશ્રી—ગોરી તજ ગુમાનને કદી ન ઝાલું હાથ
જો ઝાલું તો જીવથી ગણીશ જ્યાદે બાળ
લતા—જીતું છળ બળ કરથી
જયશ્રી—જોઈશ ચાલાકી તારી વાહ વાહ વાહ
લતા—પધારો પધારો પધારોજી પ્રાણ- આપ્યું

બાંકેખાં-- ૩૬

હાય દગા અબ જાઉં કહાં સુહદીખાઉં કીસતરાંહ
બટાઉ—મઝા ઈશકકી યે મીયાં બુલંદ નશીબપે વારીયાં
દીલારામ—લેલીમેં તોડા પ્યાડે મોડે તું મેલા મજલુ મીયાં
દીજુ—અલ્લાહ સલામત આપકી હરદમ રખે યે જોડીયાં
બાંકેખાં—કાટલું, તોરી જબાન
દીલારામ—માલના મેં તોલી જાન
બાંકેખાં---લે લે જાન
સર્વે—વાહરે જાન
બાંકેખાં—હાયરે જાન જાતર્લંત (૩)

બાત બનાકે ફંદ ફસાયે કરદીયાયે જાર જાર
હાય, હાય, જાન જાય.......................... હાય દગા

સર્વે—હુરેરે

બાંકેખાં—યેહ બલાકે બદન કીસ તરહ લપટાઉં કહો
દીલારામ—નખલા મેલા દેખો મીયાં પીલજી આયવો કહો
સર્વ—વાહ નાજો ભરા લટકા, કીસી નશીબ કહો
બાંકેખાં—અબ સર પટક મરજાઉં જમાં કાટ કહો-હાય દગા

નેપથ્થામાં—હંસ ગયો સરવર વિશે દીઠું અમૃત સાર
પીધા વિણ પાછો વળ્યો કોણ બુઝાવે લાહ્ય

લતા—એક સમે સુતો હું જયારે શયન ભુવને પલંગ મહીં
વિચિત્ર સ્વપ્નું આવ્યું ત્યારે મધ્ય રાતે મુને એક તહીં

મોહિની રૂપ ધરી ભોળાને ભરમાવ્યાતા જે રૂપે
તે રૂપથી અદકી સુંદરી આવીને સુતી મુજ સોડે

કંઈ કંઈ મધુરી વાતો કરીને દીલ મુજ જીત્યું ક્ષણુની મહીં
બોલી વ્હાલો જાઉં છું જુવો વ્હાણું વાતે ગયું વહીં

કહ્યું મેં ત્યારે અમૃત પ્યાલો ધરી હોઠ સુધી દીલદાર
વીખ વીરહનું પાવા વ્હાલી કાં થઇ તું હાવે તૈયાર

હાથ મુજ તરછોડી નાંખી ચાલી ત્યાંથી ઘરની બહાર
હુંપણ પાછળ ગયો અને આવ્યો દરીયો અટકી તે નાર

દુર દીવાના પ્રેમી રહેજે બોલી બાળા પડી દરીયે
હું પણ પાછળ પડી મરવા તૈયાર થયો તવ તે ઘડીએ

દીનાનાથ નામે [illegible] જોષી આવ્યો સોગન દઇ બોલ્યો
ના પડ મળશે [illegible] પાછી કહું હું તુજને એક રસ્તો

———

લત્તા-- ૩૭

જાઓ જાઓ ભમાવો શું આમ
બનાવો શું આમ સતાવો શું આમ— જાઓ

જયશ્રી—શ્યાણી શાને શરમાય
લત્તા—મુકો કર મમ મચકાય
જયશ્રી—લ્હાવ લાખેણો જાય
લત્તા—લાજ મ્હારી લુંટાય
જયશ્રી—ન્યાય હું આપું આવો
લત્તા—કોઇ જોશેજી જાઓ
જયશ્રી—પ્રીત રીત તો શીખાઓ
લત્તા—તમે આવો આવો— જાઓ

લત્તા-- ૩૮

હ્યોજી કેવા ભમાવ્યા ભોળીયા રાજ
વાતે વશ કીધા રસીલા રાજ- હ્યોજી
મારા મનડાના મોર
બોલ ટુહુટુહુ બોલ
છાતી ગજ ગજ મારી પુલાય- હ્યોજી

જયશ્રી—નાચું નચાવે તેમ, તારૂણી તું'થી
લત્તા—ઉર સાથ ભીડીને બાથ
જયશ્રી—અરે વાહ વાહ
લત્તા—ઉર સાથ ભીડીને બાથ— મારા

રાજપુતો-- ૩૯

પાપી પર થાવો ન રાણા કૃપાળ

હેમુ—પલપલ ચરચર તન બળે ઝટપટ કરો ઠાર- પાપી
મમતે મરે મુરખ મથી હુરિ કરે તે થાય છે
વીતી તવ હવે સમજ પડી પલપલ

અનુપ—વેર ડશેલાં માનવી હડકાઈ સે'જે જાય છે
ભાન ન રહે ડસ ડસી--પલપલ

સર્વે-- ૪૮ચે

પદ પ્રણુમતી ભગવતી જય દેવી સ્વરૂપ સગુણ
સતી શીરોમણી સત્ય ચીંતામણી મંગળ મુર્તી અનુપ-પદ
ધન્ય સુંદરી, જીવન તુચ્છ ગણી હાં દેશની દાઝ ધરી
સ્વદેશી પ્રેમીની વારી બલીહારી પડીએ ચરણુમાં
મ હા દે વી ના.................................ધન્ય સુંદરી.

નાચનારીઓ—તીરકટ તકધે ધીન્ના ધાગીન્ના ધાધાધા તુન્ના
ધાગીના ધાધાધા તુન્ના (૨)—તીરકટ-
ધાકીટ તક ધુમ કીટ તક ધીત્તા આ આ સુખરંગ
કડાન કડાન ધાધાધા (૩) તીરકટ તકધે-

રામાનુજ--જય સ્વદેશ પ્રેમીઓનો જય
જય ભારત ભુમિનો જય
સર્વ પાત્રો--જય સ્વદેશ પ્રેમીઓનો જય
જય ભારત ભુમિનો જય.

સમાપ્ત

પ્રીસમાંથી મળશે.—

૧ પ્રલ્હાદ વિજય નાટક આખું ભાષણ સહીત રૂ. ૦-

૨ પવિત્ર લક્ષ્મિ નાટકનાં ગાયનો ૦-

૩ ગુલબકાવલી નાટકનાં ગાયનો ૦-૨-૦

૪ કુસુમલતા નાટકનાં ગાયનો ૦-૨-૦

૫ હંસકુમારી નાટકના ગાયનો ૦-૨-૦

૬ અભયસિંહ નાટકના ગાયનો ૦-૨-૦

૭ કર્મફળ નાટકનાં ગાયનો ૦-૨-૦

૮ નરસિંહ મેહેતા નાટકનાં ગાયનો ૦-૨-૦

૯ શેઠ સગાળશાહ નાટકનાં ગાયનો ૦-૨-૦

૧૦ શ્રી કૃષ્ણ સુદામા નાટટનાં ગાયનો ૦-૨-૦

૧૧ મહાકવી કાળીદાશ નાટકનાં ગાયનો ૦-૨-૦

૧૨ રાજ રતન નાટકનાં ગાયનો ૦-૨-૦

૧૩ પ્રલ્હાદ વિજય નાટકનાં ગાયનો ૦-૨-૦

૧૪ કૌરવ-પાન્ડવ નાટકનાં ગાયનો (ભાગ ૧ લો) ૦-૨-૦

૧૫ જાળંધર અને સતી વૃંદા નાટકના ગાયનો ૦-૨-૦

૧૬ કૌરવ-પાન્ડવ નાટકનાં ગાયનો (ભાગ ૨જો) ૦-૨-૦

૧૭ ઇલાસુંદરી નાટકના ગાયનો ૦-૨-૦

૧૮ શ્રી બ્રહ્મદેવી ભદ્રકાળી નાટકના ગાયનો છપાય છે.

૧૯ ભક્તરાજ બોડાણો અને સતી ગંગાબાઇ ”

૨૦ શ્રીમતી સરલાદેવી નાટકનાં ગાયનો ”

“ બ્રહ્મદેવી ભદ્રકાળી ”

નું

વીરરસ પ્રધાન્ય નાટક અનેક નવીન અને ભવ્યસીનો, ડ્રેસો તથા લાઇટના પુર બહાર સાથે થોડા દીવસમાં ભજવી બતાવીશું માટે આશ્રનની ચોપડીમાં જાહેરખબર આપનારાઓએ મેનેજરને રૂબરૂ મલવું યા લખવું.